ચિંતા એ અંધારી કાજળ કોટડી જેવી છે, એમાં ઘેરાયા પછી કોઇ માર્ગ સૂઝતો નથી

- પ્રેમચંદજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૯૮ | ૧૭ જૂન ૨૦૧૨, રવિવાર, જયેષ્ઠ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# સતત ત્રીજા વર્ષે ૧૦૦ ટકા નામાંકનમાં નિષ્ફળતા

## જિલ્લામાં ૯૧૬૧ વિદ્યાર્થીઓએ પ્રાથમિકમાં, ૧૧ હજાર બાળકોએ ઉચ્ચત્તર પ્રાથમિકમાં પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ પ્રાપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની ૫૧૦ શાળાઓમાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ સંપન્ન થયો છે. ત્રિદિવસીય આ શાળા પ્રવેશોત્સવમાં ૯૧૬૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. જો કે ૧૦૦ ટકા નામાંકનનો લક્ષ્યાંક તંત્રનો સિદ્ધ થયો નથી. સતત ત્રીજા વર્ષે પણ ૧૦૦ ટકા નામાંકનનો લક્ષ્યાંક સિદ્ધ થયો નથી જે હકીકત છે.

આ વખતે ૧૦૦ ટકા નામાંકન માટે તંત્રએ એડીચોટીનું જોર લગાવ્યું હતું પરંતુ તેમાં જોઈએ તેટલી સફળતા પ્રાપ્ત થઈ શકી નથી. આ પ્રવેશોત્સવ દરમ્યાન ૪૪ વિદ્યાર્થીઓનું પુનઃ નામાંકન થયું છે. તો ૬૫ વિકલાંગ બાળકોને પણ પ્રવેશ આપવામાં આવ્યો છે.

૬૫ વિકલાંગ બાળકોમાં ૩૫ કુમાર અને ૩૦ કન્યાઓનો સમાવેશ થાય છે. ધો. ૮માં ૧૧ હજારથી વધુ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. જ્યારે આંગણવાડી કેન્દ્રમાં ૮ હજારથી વધુ બાળકોને પ્રવેશ અપાયો છે.

શાળા પ્રવેશોત્સવ દરમ્યાન ૯૧૬૧ બાળકોને ધો. ૧માં પ્રવેશ અપાયો છે જેમાં ૪૬૭૬ કુમાર અને ૪૪૮૫ કન્યાઓનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ૧૫૨ વિદ્યાર્થીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. આ ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં ૨૫૦ થી વધુ મહાનુભાવોએ હાજરી આપી હતી.

આ પ્રવેશોત્સવ દરમ્યાન રૂ. પાંચ લાખ થી પણ વધુની રોકડ દાનમાં મળી છે જ્યારે વીસ લાખથી વધુની વસ્તુઓ દાન પેટે મળી છે.

ધો. ૮માં ૬૧૧૨ કુમાર અને ૫૩૪૩ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે. જ્યારે આંગણવાડીમાં ૪૨૭૬ કુમાર અને ૩૮૧૦ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે.

જિલ્લામાં સૌથી વધુ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. જ્યારે બીજા ક્રમે દહેગામ તાલુકો આવે છે. ૧૬ હજાર વિદ્યાર્થીઓને સર્વેલન્સ દરમ્યાન આવરી લેવાયા હતા જેમાં શહેરી વિસ્તારના બાળકોનો પણ સમાવેશ થાય છે. જો કે શિક્ષણ વિભાગની કેટલીક કડક સૂચનાઓને કારણે બે હજાર જેટલા બાળકો ઓછા નોંધાયાનું શિક્ષણ વિભાગના અંતરંગમાંથી જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-અમદાવાદમાં સસ્તા મકાનો માટે સીબીડીટીની યોજના

### પ્રોજેક્ટ મૂકનાર બિલ્ડરને પાંચ વર્ષ માટે મૂડી ખર્ચ ઇન્કમ ટેક્ષમાંથી બાદ મળશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર અને અમદાવાદમાં સસ્તા મકાનો બનાવવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી) એ તાજેતરમાં નિયમો જાહેર કર્યા છે જેમાં આર્થિક રીતે નબળાં અને મધ્યમવર્ગના લોકો માટે એફોર્ડેબલ મકાનો બનાવનાર બિલ્ડર્સ કે ડેવલપર્સને પાંચ વર્ષ માટે મૂડી ખર્ચ ઈન્કમટેક્સમાંથી બાદ મળશે.



આ પ્રકારના મકાનો ઓછામાં ઓછી એક એકર જમીનમાં બનાવવાના રહેશે અને તે માટે સ્પેસિફાઈડ કરેલા શહેરોમાં અમદાવાદ અને ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સીબીડીટીએ જાહેર કરેલા નિયમો પ્રમાણે પાંચ વર્ષમાં મકાનોનો પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો રહેશે. મૂડી ખર્ચ બાદ કરવાનો છે જેમાં પ્રથમ વર્ષે જમીનનો જે ખર્ચ થાય તે આવકમાંથી બાદ મળી શકે છે, ત્યારબાદ બાંધકામનો ખર્ચ બાદ કરી શકાય છે. જે તે બિલ્ડરે સીબીડીટીના સભ્યને અરજી કરવાની રહેશે. મકાન બનાવતાં પહેલાં રાજ્ય ઓથોરિટીની પરવાનગી સાથે પ્રોજેક્ટનું બાંધકામ એપ્રિલ-૨૦૧૧ અથવા ત્યારબાદ શરૂ થયેલું હોવું જોઈએ.



હવામાન ખાતાએ અને જ્યોતિષિઓએ ભલે ગમે તે આગાહી કરી હોય પણ ગાંધીનગરમાં ચોમાસું બેસી ગયું છે એ વાતની પ્રતીતિ થઈ ગઈ છે. નિયમિત વાદળો અને વરસાદનાં છાંટણાં એ આ બબતની સાબિતી આપે છે. એ કારણે ગરમી તો ઓછી થઈ જ છે, પરંતુ વાદળો છવાઈ જવાથી આવાં સુંદર દ્રશ્યો પણ હવે આકાશમાં જોવા મળી રહ્યાં છે. **(તસવીર : દિપક જાની)**

# વાદળછાયું વાતાવરણ છતાં વરસાદ નહીંવત

### ભારે ઉકળાટ છતાં ધોધમાર વરસાદ ન વરસતાં વસાહતીઓ નિરાશ થયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં આજે દિવસભર વાદળછાયું વાતાવરણ છવાઈ રહ્યું હતું. જો કે વરસાદ ન વરસતા આખો દિવસ ઉકળાટનો અનુભવ થયો હતો.

ગઈકાલ રાતથી પવન ફુંકાવવાનો શરૂ થયા બાદ વાદળો આકાશમાં ઘેરાયેલા છે. સવારે ભેજનું પ્રમાણ ૭૫ ટકા અને સાંજે પણ ૭૫ ટકા રહેતા ભારે બાફનો અનુભવ થઈ રહ્યો છે. મહત્તમ તાપમાન ૩૫.૫ ડિ.સે. જેટલું નીચું જતાં ગરમી ઘટી છે પરંતુ બાફના કારણે વસાહતીઓ અકળાઈ રહ્યા છે. આજે આખો દિવસ વાદળોની અવરવજર રહેતા એવું લાગતું હતું કે વરસાદ વરસશે પરંતુ માત્ર થોડીક મિનિટો માટે શહેરમાં કયાંક કયાંક ઝાપડા પડતા જોઈએ એવી ઠંડક થઈ ન હતી. દિવસ દરમિયાન માત્ર ૨ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. જો કે આ સાથે સિઝનનો કુલ વરસાદ ૭૨ મી.મી. સુધી પહોંચી ગયો છે.

# શિહોલી મોટીમાં પુરવઠાતંત્ર ત્રાટક્યું

### કેરોસીન વિતરણમાં ગોટાળા કરતાં દરોડા : ૨૬૦૦ લીટર કેરોસીન કબ્જે લેવાયું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામેથી સસ્તા દરનું કેરોસીન ગ્રાહકોને ઓછુ આપી છેતરપીંડી કરતા પરવાનેદાર દુકાનદારને આજે જિલ્લા પુરવઠા અધિકારીની ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે કેરોસીનનો પરવાનો ધરાવતા ભગવાનદાસ એલ. ખત્રી કેરોસીન વિતરણમાં ગેરરીતિઓ કરી રહ્યાની બાતમી જિલ્લા પુરવઠા અધિકારી શ્રી આર. પાંડોરને મળી હતી. તેમણે આજે સવારથી જ નાયબ મામલતદાર શ્રી ભાવસાર તથા શ્રી એમ. ડી. પટેલની ટીમ બનાવી દુકાનની આસપાસના વિસ્તારોમાં વોચ ગોઠવી હતી.

આજે ૧૦ વાગ્યાના સુમારે ત્યાંથી કેરોસીન ખરીદી નીકળેલા બે થી ત્રણ ગ્રાહકોના જથ્થાની તપાસ કરતાં તેમને ૫૦૦ ગ્રામ જેટલો જથ્થો ઓછો આવ્યાનું માલૂમ પડતાં તાત્કાલિક દરોડો પાડી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પુરવઠા તંત્રએ દરોડા દરમ્યાન ૨૬૩૦ લીટર પી.ડી.એલ. કેરોસીનનો જથ્થો કબ્જે લીધો છે. તંત્રની તપાસમાં આ વેપારી દ્વારા જથ્થામાં કરાતી વધ-ઘટ, કાર્ડ હોલ્ડરો પાસેથી પુરા પૈસા વસુલ કરી ઓછો જથ્થો આપવાની તેમજ દુકાનમાં જથ્થાની ઉપલબ્ધિ દર્શાવતા બોર્ડ નહિ મુકવા સહિતની ક્ષતિઓ પકડી પાડી છે.

આ દરોડાની કાર્યવાહી મોડી સાંજ સુધી ચાલુ રહી હતી. પુરવઠા તંત્ર દ્વારા પુનઃ એકવાર કાળાબજારિયાઓ તેમજ ગ્રાહકો સાથે છેતરપીંડી કરતા વેપારીઓ સામે કરડી નજર કરી છે.


**ઓપન ઈન્ટરવ્યુ**

**શ્રી પી. પી. આર. શાહ હાઈસ્કૂલ પ્રાથમિક વિભાગ**

**મું. લીંબોદરા, તા. કલોલ, જી. ગાંધીનગર માટે નીચે મુજબના શિક્ષકોની જરૂર છે.**

ઉચ્ચ પ્રાથમિક (સરકાર માન્ય) નોન ગ્રાન્ટેડ

(૧) બી.એસ.સી. બી.એડ - (૧)

(૨) બી.એ. બી.એડ. - અંગ્રેજી-ગુજરાતી/ અન્ય ભાષા-(૧)

- TETની પરીક્ષા પાસ કરેલ હોય તેને પ્રથમ પસંદગી
- ઉપરોક્ત જગ્યાઓ તદન હંગામી તથા માસિક રૂ. ૪૫૦૦/- ફિક્સ પગારની રહેશે.
- અરજી તથા પ્રમાણિત પ્રમાણપત્રો સાથે ઉપરના સરનામે તા. ૧૯-૬-૨૦૧૨ને મંગળવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે સ્વખર્ચે હાજર રહેવુ.

મો. ૯૮૨૫૩ ૧૨૮૬૭ ● ફોન : ૦૨૭૬૪-૨૮૭૩૩૫

**TVના રીમોટ મળશે**

આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.

મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬








